# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-02-2026** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નવી દિલ્હીમાં યોજાયેલી ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સમિટથી દેશના યુવાનોના સ્વપ્નને નવી ઉંચાઈ મળી
2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં આ 28 તારીખે અમદાવાદના સાણંદમાં માઇક્રોનના પહેલા સેમિકન્ડક્ટર એકમનો પ્રારંભ કરાશે
3) ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવિને કાર્યકર્તાઓને સરકારની યોજનાઓની સચોટ માહિતી લોકો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો.
4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.
5) રાજ્યભરમાં વિશ્વ માતૃભાષા દિવસની ભવ્ય ઉજવણી
6) મહિલા ટી-20 ક્રિકેટમાં ભારતે ઑસ્ટ્રેલિયાને 17 રનથી હરાવ્યું.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL ON AI SUMMIT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું , નવી દિલ્હીમાં યોજાયેલી ઇન્ડિયા  A.I. ઇમ્પેક્ટ સમિટથી સમગ્ર વિશ્વએ નવા ભારતનો ઉદય જોયો. એક વીડિયો સંદેશમાં મુખ્યમંત્રીએ આ સમિટથી ભારતના યુવાનોના સ્વપ્નને નવી ઉંચાઈ મળી હોવાનું જણાવ્યું. તેમજ સ્ટાર્ટ-અપ્સ અને ઉભરતા ક્ષેત્રમાં યુવાનો માટે અપાર તકનું નિર્માણ થયું હોવાનું પણ શ્રી પટેલે ઉંમેર્યું.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

. . . . . . . . . . . . .

# GNR HARSH SANGHAVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આગામી 28 તારીખે અમદાવાદના સાણંદમાં માઇક્રોનના પહેલા સેમિકન્ડક્ટર એકમનો પ્રારંભ કરાશે. ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતે યન્ગ વૉઇસ સમિટ – ધ ફ્યૂચર બ્લૉક કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ યુવાનોને સરકાર તેમની સાથે હોવાની ખાતરી આપી. તેમણે કહ્યું , તમારા સ્વપ્ન પૂરા કરવાની દિશામાં રાજ્ય સરકાર કામ કરશે.

તાજેતરમાં નવી દિલ્હીમાં યોજાયેલી ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સમિટનો ઉલ્લેખ કરતા શ્રી સંઘવીએ કહ્યું , આ સંમેલનમાં સમગ્ર વિશ્વએ ભારતના યુવાનોની શક્તિના દર્શન કર્યા.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY HOME MINISTER)

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને રાજ્યના લોકોના મહેનતની પ્રશંસા કરી. તેમણે યુવાનોને ભારતમાં બનતી ચીજવસ્તુઓની ગુણવત્તામાં બાંધછોડ ન કરવા પર ભાર આપ્યો.

(BYTE: NITIN NABIN, NATIONAL PRESIDENT, BJP)

. . . . . . . . . . . . .

# NITIN NAVIN GANDHINAGAR

ગુજરાતના પ્રવાસે આવેલ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવિને સોશિયલ મિડિયા પર સરકારની યોજનાઓની સચોટ માહિતી લોકો સુધી પહોંચાડવા કાર્યકર્તાઓને અનુરોધ કર્યો. ગાંધીનગર ભાજપ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' ખાતે સંગઠનાત્મક બેઠકમાં તેમણે કહ્યું કે, કાર્યકર્તાઓએ હંમેશા કોઈ નવતર લક્ષ્ય સાથે કાર્યરત્ રહેવું જોઈએ. તેમણે "રાષ્ટ્ર પ્રથમ, દળ પછી અને વ્યક્તિ અંતિમ"ના ભાવ સાથે સતત કાર્યરત્ રહેવાની હાકલ કરી વિવિધ મુદ્દે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું.

આ બેઠકમાં ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને ભાજપના વરિષ્ઠ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

. . . . . . . . . . . . .

# DGP KUTCHH

રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવ આજથી બે દિવસની કચ્છની મુલાકાતે છે. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દે   શ ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ અને કચ્છના વિશાળ દરિયાકાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત અને અભેદ્ય બનાવવાનો છે. ભુજમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે આ વાત કહી. તેઓ જિલ્લાના સરહદી ગામોની મુલાકાત લઈ રહ્યા છે.

(બાઈટ... ડૉ. કે.એલ.એન. રાવ, રાજ્ય પોલીસ વડા)

દરમિયાન, શ્રી રાવે ભુજ ખાતે ઉચ્ચસ્તરની ક્રાઈમ કોન્ફરન્સની અધ્યક્ષતા કરી. તેમાં પોલીસ વિભાગ સહિત ભારતીય સેના , સરહદ સુરક્ષા દળ - BSF, તટરક્ષક અને વાયુસેનાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત " કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131-મી કડી હશે. આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચાર વૅબસાઈટ અને ન્યૂઝ ઑન A.I.R. મૉબાઇલ ઍપ્લિકેશન પર "મન કી બાત" કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

તેમ જ A.I.R. ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચૅનલ પર પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આકાશવાણી પર હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ "મન કી બાત" કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# C UDEPUR MATRUBHASHA

"સદા સૌમ્યશી વૈભવે ઉભરાતી મળી માતૃભાષા મને ગુજરાતી " સાહિત્યકાર ઉમાશંકર જોષીના આ વાક્ય સાથે રાજ્યભરમાં આજે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી થઈ રહી છે. ત્યારે છોટાઉદેપુરમાં જડીયાણા ગામની પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેન્દ્ર પટેલે સરહદી વિસ્તારમાં આવેલા રાઠ પ્રદેશમાં રાઠવી ભાષાને શિક્ષણનો સેતુ બનાવ્યો છે. આ માટે તેમણે મૉબાઇલ ઍપ્લિકેશન પણ બનાવી છે. આ અંગે શિક્ષકનો પ્રતિભાવ સાંભળીએ.

(BYTE: DHARMENDRA PATEL, TEACHER)

તો, નવસારીમાં ગણદેવી તાલુકાની ગડત ખાતેની હાઇસ્કૂલમાં માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી. શાળાનાં શિક્ષકોએ વિદ્યાર્થીઓને માતૃભાષાના મહત્વ સમજાવ્યું અને સ્વરચિત કવિતા રજૂ કરી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નાની દમણની સાર્વજનિક હાઇસ્કૂલમાં માતૃભાષા વંદના કાર્યક્રમ યોજાયો.

. . . . . . . . . . . . .

# DANG KHATMUHURT

ડાંગમાં 12 કરોડ 29 લાખ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું. ધારાસભ્ય વિજય પટેલની ઉપસ્થિતિમાં કાલિબેલ અને વઘઈ ગામમાં નવ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા 12 માર્ગ અને માળખાકીય સમારકામ માટેના ત્રણ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે તૈયાર થનારા સાત કામનું ખાતમુહૂર્ત સંપન્ન થયું.

આ પ્રસંગે ધારાસભ્ય વિજય પટેલે ડાંગ જેવા અંતરિયાળ વિસ્તારના ગ્રામ્ય માર્ગોના નવિનીકરણના શ્રેણીબદ્ધ કાર્યક્રમ સિવાયના હજી બાકી રહી જતા અંતરિયાળ માર્ગનું કામ , રાજ્ય સરકાર અગ્રતાના ધોરણે હાથ ધરવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું.

. . . . . . . . . . . . .

# JAMNAGAR CHOLERA FREE

જામનગરના લાખાબાવળને કૉલેરા રોગગ્રસ્ત ગામ જાહેર કરાયું છે. આ માટે જામનગર જિલ્લા મેજિસ્ટ્રેટે પ્રસિદ્ધ કરેલા જાહેરનામા મુજબ , જામનગર તાલુકાના આ ગામમાં નોંધાયેલા કૉલેરાના પોઝિટિવ કેસનો ફેલાવો અટકાવવા અને તાત્કાલિક પગલાં લેવા લાખાબાવળ ગામને રોગગ્રસ્ત વિસ્તાર તેમજ તેની આસપાસના બે કિલોમીટરના વિસ્તારને કૉલેરા ભયગ્રસ્ત જાહેર કરાયો છે.

. . . . . . . . . . . . .

# WOMEN T20 CRICKET

મહિલા ટી-20 ક્રિકેટમાં ભારતે ઑસ્ટ્રેલિયાને 17 રનથી હરાવ્યું. ઑસ્ટ્રેલિયાના અડિલેડ ખાતે રમાયેલી મૅચમાં ભારતે પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઑવરમાં છ વિકેટ ગુમાવી 176 રન કર્યા. ટીમ તરફથી સૌથી વધુ 82 રન સ્મૃતિ મંધાના અને 59 રન જેમિમાહ રોડ્રિગ્ઝે બનાવ્યાં. જ્યારે ઑસ્ટ્રેલિયા તરફથી એનાબેલ સધરલેન્ડે સૌથી વધુ બે વિકેટ ઝડપી હતી.

જવાબમાં ઑસ્ટ્રેલિયાની ટીમ 20 ઑવરમાં નવ વિકેટ ગુમાવી 159 રન જ બનાવી શકી. ટીમ તરફથી સૌથી વધુ 57 રન ઍશલિ ગાર્ડનરે બનાવ્યાં. તો , ભારત તરફથી શ્રેયન્કા પાટિલ અને શ્રી ચરણીએ ત્રણ-ત્રણ તથા અરુંધતિ રેડ્ડીએ બે અને રેણુકાસિંધ ઠાકુરે એક વિકેટ લીધી છે. મેચ બાદ સ્મૃતિ મંધાનાને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયાં હતાં.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR EXTRA BUS

ભાવનગરમાં છ ગાઉ યાત્રા મેળા માટે એસ. ટી. નગમ દ્વારા 40 વધારાની બસ દોડાવાશે. આગામી પહેલી માર્ચે પાલિતાણાથી આદપર સુધી શ્રદ્ધાળુઓની સુવિધા માટે આ બસ દોડાવાશે તેમ એસ.ટી.ના વિભાગીય નિયામકશ્રીની યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . . .

# AMC -DARSHANA VAGHELA

શહેરી વિકાસ રાજ્યમંત્રી દર્શના વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદના રિવરફ્રન્ટ હાઉસ ખાતે 'અમદાવાદ નેક્સ્ટ ' અને 'મોબિલિટી પ્રદર્શન કાર્યક્રમ યોજાયો. અમદાવાદ મહાનગરપાલિકા અને શિફ્ટ ટ્રાન્સપોર્ટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલો આ કાર્યક્રમ સોમવાર સુધી ચાલશે.

આ પ્રસંગે સુશ્રી વાઘેલાએ ' AMTS થી શરૂ કરીને BRTS અને મેટ્રો સુધીની શહેરી પરિવહનની ઐતિહાસિક સફરને બિરદાવી.

અમદાવાદનાં મેયર પ્રતિભા જૈને કહ્યું, 2070 સુધીના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા મહાનગરપાલિકા કટિબદ્ધ છે અને તે માટે શહેરમાં ત્રણ હજારથી વધુ ઈ-બસ દોડાવવાનું આયોજન છે..

શહેરી વિકાસ વિભાગના અગ્રસચિવ એમ. થેન્નારસને કહ્યું , વર્ષ 2030ની રાષ્ટ્રમંડળ રમત અને વર્ષ 2036ની ઓલિમ્પિક્સ રમત માટે બીડિંગ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જ્યારે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ 'લાસ્ટ માઈલ કનેક્ટિવિટી' અને સ્માર્ટ ટ્રાફિક મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

. . . . . . . . . . . . .

# EASE OF LIVING RAJKOT

રાજકોટમાં આગામી સમયમાં રમતગમત સંકુલ , સભા ખંડ , આવાસ, ફિલ્ટર પ્લાન્ટ અને લાયન સફારી પાર્કની ભેટ મળશે. સત્તાવાર યાદી મુજબ , રાજકોટમાં ઇઝ ઓફ લિવિંગ એટલે કે , રહેવાની સરળતાના સંકલ્પને પ્રોત્સાહન આપવાના હેતુસર શહેરી વિકાસ વર્ષ હેઠળ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નંબર 17માં આંતરરાષ્ટ્રીય કક્ષાનું અત્યાધુનિક રમતગમત સંકુલ તૈયાર થઈ રહ્યું છે.

જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત અંદાજે 119 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે રેલનગર વિસ્તારમાં EWS-2 પ્રકારના એક હજાર 10 આવાસનું કામ પૂર્ણતાના આરે છે.

તો, લાયન સફારી પાર્ક પરિયોજના અંતર્ગત અત્યાર સુધીમાં કમ્પાઉન્ડ દિવાલ, પ્રાણીઓ તથા મુલાકાતીઓની સલામતીને ધ્યાનમાં રાખી ફેન્સિંગ દિવાલનું કામ , પ્રાણીઓ માટે રાત્રિ આશ્રયસ્થાન , પાર્કના આંતરિક વિસ્તારમાં સરળ અવરજવર માટે આંતરિક માર્ગ બનાવવાનું કામ તેમજ પાર્ક વિસ્તારની બહાર નિરીક્ષણ માર્ગનું બાંધકામ પૂર્ણ કરાયું છે.

. . . . . . . . . . . . .